Seat No.:

Sl. No. :

# 139(G)

**(March, 2024)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રમાં કુલ 5 વિભાગ અને 64 પ્રશ્નો છે.
2) આ પ્રશ્નપત્ર કાળજીપૂર્વક વાંચીને માગ્યા મુજબ પ્રશ્નોના ઉત્તરો લખવા.
3) પ્રશ્નની સામે લખેલ અંક ગુણ દર્શાવે છે.
4) નવો વિભાગ નવા પાના પર લખવો.

## વિભાગ - A

■ **નીચે આપેલા 1થી 20 હેતુલક્ષી પ્રશ્નો છે. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી ઉત્તર લખો. પ્રત્યેકના 1 ગુણ છે.** **[20]**

1) ભારતનું રેલવે નેટવર્ક કેટલા કિલોમીટર છે ?

(A) 1,15,000 કિ.મી. (B) 2,15,000 કિ.મી.

(C) 3,15,000 કિ.મી. (D) 3,25,000 કિ.મી.

2) ભારતમાં 2011 ની વસ્તીગણતરી મુજબ સૌથી વધુ વસ્તી ક્યા રાજ્યમાં છે ?

(A) મધ્ય પ્રદેશ (B) હિમાચલ પ્રદેશ

(C) આંધ્ર પ્રદેશ (D) ઉત્તર પ્રદેશ

3) બૌદ્ધ સમુદાયનું ધાર્મિક પુસ્તક કયું છે ?

(A) ભગવદ્‌ગીતા (B) ત્રિપિટક

(C) અવેસ્તા (D) કુરાને શરીફ

4) ભારતના બંધારણની કઈ કલમ વ્યક્તિને પોતાનો ધર્મ સ્વતંત્ર રીતે પાળવાની છૂટ આપે છે ?

(A) 25 (B) 340

(C) 15 (D) 118

5) અનુસૂચિત જાતિ નું સૌથી વધુ પ્રમાણ કયા રાજયમાં છે ?

(A) બિહાર

(B) પંજાબ

(C) મેઘાલય

(D) અરુણાચલ પ્રદેશ

6) ગુજરાતમાં અન્ય પછાત વર્ગ માટે 1979 માં કયું કમિશન નિમાયું ?

(A) કાકા કાલેલકર કમિશન (B) રાણે કમિશન

(C) મંડલ કમિશન (D) બક્ષી કમિશન

7) 'Empowerment' (સશક્તિકરણ) શબ્દનો ઉદ્ભવ કયા દેશમાં થયો ?

(A) લેટિન અમેરિકા (B) ઇંગ્લેંડ

(C) ભારત (D) કેનેડા

8) 2011 ની વસ્તીગણતરી પ્રમાણે ભારતમાં સૌથી વધુ બાલિકાઓનું પ્રમાણ કયા રાજ્યમાં છે ?

(A) મધ્ય પ્રદેશ

(B) બિહાર

(C) છત્તીસગઢ

(D) મિઝોરમ

9) સામાજિક પરિવર્તન એટલે ......

(A) રચના તંત્રમાં ફેરફાર

(B) ફેશનમાં ફેરફાર

(C) ખોરાકમાં ફેરફાર

(D) એક પણ નહિ

10) વિવિધ દેશોની અર્થવ્યવસ્થા, સમાજ અને સંસ્કૃતિ ઉપર અસર કરતી કઈ પ્રક્રિયા છે ?

(A) પશ્ચિમીકરણ

(B) સંસ્કૃતિકરણ

(C) વૈશ્વિકીકરણ

(D) ઇસ્લામીકરણ

11) 'રેડિયો' નો આવિષ્કાર કયા વૈજ્ઞાનિકે કર્યો હતો ?

(A) થોમસ આલ્વા એડિસન

(B) જોન એલ બેયર્ડ

(C) માર્કોની

(D) જે.પી. એકર્ટ

12) ભારતમાં ઇન્ટરનેટ સેવાનો પ્રારંભ ક્યારે કરવામાં આવ્યો ?

(A) 15 ઓગષ્ટ 1985

(B) 15 ઓગષ્ટ 1995

(C) 15 ઓગષ્ટ 1975

(D) 15 ઓગષ્ટ 2005

13) કયા આંદોલન નું પરિણામ જે તે પરિસ્થિતિને ટકાવી રાખવા માટેનું હોય છે ?

(A) સુધારાવાદી

(B) પ્રતિરોધાત્મક

(C) વિરોધાત્મક

(D) ક્રાંતિકારી

14) કયા પ્રકારના આંદોલનમાં જબરદસ્તીથી લોકોને પોતાના પક્ષમાં લાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે ?

(A) સુધારાવાદી આંદોલન

(B) પ્રતિરોધાત્મક આંદોલન

(C) ક્રાંતિકારી આંદોલન

(D) વિરોધાત્મક આંદોલન

15) 'પંચાયતી રાજ' એટલે .....

(A) સત્તાનું વિકેન્દ્રીકરણ (B) સત્તાનું કેન્દ્રીકરણ

(C) તટસ્થ સત્તા (D) સત્તા વિહીનતા

16) 73 મો બંધારણીય સુધારો ક્યારે અમલમાં આવ્યો ?

(A) 24 એપ્રિલ 1993 (B) 22 માર્ચ 1994

(C) 1 ડિસેમ્બર 1990 (D) 1 જાન્યુઆરી 2000

17) ધોરણભંગ વર્તનની વ્યાખ્યા આપનાર વિદ્વાન કોણ છે ?

(A) હોર્ટન અને હન્ટ

(B) ડૉ. હંસા શેઠ

(C) ફ્રિડલેન્ડર

(D) કાર્લ માર્ક્સ

18) ભારતમાં 1941 માં પ્રથમ બાળઅદાલતની સ્થાપના ક્યાં કરવામાં આવી ?

(A) ચેન્નઈ

(B) દિલ્હી

(C) મુંબઈ

(D) કોલકત્તા

19) ભારતમાં ચેન્નઈમાં સૌ પ્રથમ ડૉ. સુનીતિ સોલોમને એક સેક્સ વર્કર ને એચ.આઈ.વી. હોવાનું નિદાન કઈ સાલમાં કર્યું ?

(A) 1981

(B) 1982

(C) 1986

(D) 1990

20) H I V એઇડ્સ ગ્રસ્ત પીડિતોની સંખ્યામાં કયો દેશ પ્રથમ સ્થાને છે ?

(A) ભારત

(B) દક્ષિણ આફ્રિકા

(C) નાઈજિરીયા

(D) અમેરિકા

## વિભાગ - B

■ **નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો. દરેકનો 1 ગુણ છે.** **[10]**

21) ભારતમાં 2011 ની વસ્તીગણતરી મુજબ સૌથી વધુ લિંગપ્રમાણ ક્યા પ્રદેશમાં છે ?

22) લોક સંસ્કૃતિના અંગો ક્યાં ક્યાં છે ?

23) પછાતપણાનો અર્થ આપો.

24) ભારતમાં સ્ત્રી સશક્તિકરણની રાષ્ટ્રીય નીતિ ક્યારે ઘડાઈ ?

25) પશ્ચિમીકરણનો ખ્યાલ એમ.એન. શ્રીનિવાસે કયા પુસ્તકમાં આપ્યો છે ?

26) પી.ટી.આઈ. નું પૂરું નામ જણાવો.

27) નિસ્બેતે આપેલી 'સામાજિક આંદોલન' ની વ્યાખ્યા આપો.

28) "પંચાયતી રાજની સ્વતંત્રતા પાયાથી શરૂ થવી જોઈએ" આ વિધાન કોનું છે ?

29) રોબર્ટ મર્ટન સામાજિક ધોરણભંગ વર્તન કોને કહે છે ?

30) H I V શબ્દનો પૂરો અર્થ આપો.

## વિભાગ - C

■ **નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ 10 પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. દરેકના 2 ગુણ છે.** **[20**

31) પ્રાચીન કાળમાં ભારતની ભૌગોલિક એકતા માટે ક્યાં નામો વપરાતાં હતાં ?

32) ભારતમાં અપાતા ભારતીય સેનાના એવોર્ડ કયા કયા છે ?

33) 'પારસી સમુદાય' ની ટૂંકમાં સમજૂતિ આપો.

34) મહાપાત્રે આપેલી લોકસંસ્કૃતિની વ્યાખ્યા જણાવો.

35) 'અનામત નીતિ' વિશે માહિતી આપો.

36) જાદુના પ્રકાર સમજાવો.

37) સ્ત્રી સશક્તિકરણ નો અર્થ અને વિભાવના સમજાવો.

38) 'પ્રભાવી જ્ઞાતિ' ના માપદંડો કયા છે ?

39) 'વર્લ્ડ વાઈડ વેબ' (www) નો અર્થ સમજાવો.

40) ઓસગુડ અને વિલ્બર શ્રેમનું સંચાર પ્રક્રિયાનું મોડલ સમજાવો.

41) સામાજિક આંદોલન ની અસરો જણાવો.

42) પંચાયતરાજ ની વ્યાખ્યા આપો.

43) સમાજ વિરોધી વર્તન કોને કહેવાય ?

44) એઇડ્સ કેવી રીતે ફેલાતો નથી ?

## વિભાગ - D

■ **નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ 10 પ્રશ્નોના જવાબ મુદાસર આપો.** **[30]**

**દરેકના 3 ગુણ છે.**

45) ભારતમાં ધાર્મિક વૈવિધ્યની ચર્ચા કરો.

46) 'રાષ્ટ્રીય એકતા' ની વ્યાખ્યા આપી તેના ભૌગોલિક પરિબળ ની ચર્ચા કરો.

47) 'હિન્દુ સમુદાય' વિશે ટૂંકનોંધ લખો.

48) 'આદિવાસી કલા' સંસ્કૃતિની સમજૂતિ આપો.

49) 'અનુસૂચિત જનજાતિ' નો અર્થ અને તેના કોઈપણ પાંચ લક્ષણો સમજાવો.

50) અનુસૂચિત જાતિઓ માટેની બંધારણીય જોગવાઈઓ જણાવો.

51) સ્ત્રી સશક્તિકરણ માટેના શૈક્ષણિક કાર્યક્રમો ની વિગતે ચર્ચા કરો.

52) પશ્ચિમીકરણનાં પાસાં ટૂંકમાં વર્ણવો.

53) 'સંચાર'નો અર્થ અને તેની લાક્ષણિકતાઓ ની ચર્ચા કરો.

54) ટૂંક નોંધ લખો : ટેલિવિઝન અને મોબાઇલ

55) 'સ્વચ્છતા અભિયાન' વિગતે સમજાવો.

56) ગ્રામ પંચાયત ના કાર્યો જણાવો.

57) ટૂંક નોંધ લખો : યુવા અજંપો

58) 'અસમાન જાતિ પ્રમાણ' ની સમસ્યા અટકાવવાના ઉપાયો જણાવો.

## વિભાગ - E

■ **નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ 4 પ્રશ્નોના જવાબ સવિસ્તાર આપો. દરેકના 5 ગુણ છે.**

59) સ્ત્રી સશક્તિકરણ ની વ્યાખ્યા આપી, તેનું મહત્વ સમજાવો.

60) સંસ્કૃતિકરણ ની પ્રક્રિયા નાં પાસાં સમજાવો.

61) સુધારાવાદી સામાજિક આંદોલન અને ક્રાંતિકારી સામાજિક આંદોલન વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

62) પંચાયતીરાજ ની સામાજિક અસરો જણાવો.

63) બાળ અપરાધ ની વ્યાખ્યા આપી તેનાં કારણો ની ચર્ચા કરો.

64) 'નશીલા દ્રવ્યોના વ્યસન' નાં કોઈપણ પાંચ કારણો સમજાવો.